રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં.૭૩૧૫/૧૯**

આંક–

ફરીયાદી : સરકાર શ્રી.

વિ રૂધ્ધ.

આરોપી : સંજયકુમાર રામાભાઈ તલાર

ફરીયાદી તર્ફે વિ. વ . શ્રી એ . પી. પી. અને આરોપી તરફે વિ. વ . શ્રી.

**ગુનો : ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૧ મુજબ**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આરોપીએ પ્રતિબંઘીત વિસ્તારમાં વાહનને પ્રવેશ કરાવી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૧ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂઘ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પૂછપરછ કરી આરોપી વિરુઘ્ધ પૂરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ઘરપકડ કરી આરોપી વિરુઘ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ઘ્વારા આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂઘ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક– થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીશ આંક– થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીશ આપી જણાવેલ છે કે તેઓને સ્વેછાએ ગુનો કબુલ કરીએ છીએ. યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીશ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુઘરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આ ખ રી હું ક મ :–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૧ મુજબના ગુનામાં પ્રતિબંધિત વિસ્તારમાં વાહનને પ્રવેશ કરાવી જાહેરનામાનો ભંગ કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા.૧૦૦/– અંકે રૂપિયા એક સો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ આરોપીને પરત કરવો.

ઉપરોકત ચુકાદો તા.૧૩ મી જુલાઈ સને 2019 ના રોજ જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૭/૨૦૧૯.
મુકામ :અમદાવાદ

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર,અમદાવાદ.